
# બંધના એલાનને કલોલમાં મિશ્ર પ્રતિસાદ

## દુકાનો બંધ કરાવવા નીકળેલા ભાજપના ૧૯ કાર્યકરોની પોલીસે અટકાયત કરી

કલોલ, તા.૨૦

ભારત બંધના એલાનને પગલે આજે કલોલ શહેરમાં બંધ પળાવવા માટે રસ્તાઓ પર આવી ગયેલા ભાજપના કાર્યકરો પૈકી ૧૯ કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. કલોલાં બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.

રીટેઈલ એફ.ડી.આઈ., ડીઝલ અને ગેસના ભાવ વધારાના વિરોધમાં અપાયેલા ભારત બંધના એલાનને ગાંધીનગર જિલ્લા સહિત કલોલમાં પણ મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. સવારથી જ દુકાનદારોએ દુકાનો ખોલી મુકી હતી પરંતુ બપોરે ભાજપના કાર્યકરો કલોલ શહેરમાં બંધ કરાવવા નીકળ્યા હતાં. રસ્તાઓ પર થઈને શોપીંગોમાં જઈ રહેલા ભાજપના કાર્યકરો પૈકી ૧૯ની અટકાયત કરી દઈને કલોલ શહેર પોલીસ મથકના પી.આઈ. આર.જી. ભાવસારે મુકત કર્યા હતાં.



(તસવીર : મયુરધ્વજસિંહ વાઘેલા, માણસા)

કેન્દ્ર સરકાર દ્વારા ડિઝલ ગેસના ભાવ વધારા અને એફડીઆઈના વિરોધમાં આપવામાં આવેલ બંધના એલાનમાં માણસા શહેર વેપારીઓ જોડાયા હતા અને સંપૂર્ણ બંધ પાળી કેન્દ્ર સરકારની નિતિનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



શાંતાબેન હિરાલાલ પટેલ
(૧૯૩૪) ફોન : ૨૩૨૨૯૩૭૧



સંધ્યાબેન મહેન્દ્રભાઈ
(૧૯૩૭) મો. ૯૭૨૭૫૫૬૯૪૦



મણીબેન જયંતિલાલ પટેલ
(૧૯૪૯) ફોન : ૨૩૨ ૪૧૨૦૫

# ભારતની યુવાશક્તિ વિશ્વની આર્થિક ચાલકશક્તિ : મોદી

## ઉદ્યોગ સંચાલકો અને આઈટીઆઈ વચ્ચે કૌશલ્ય વિકાસ તાલીમના ૨૬ સમજૂતી કરાર કરાયા : મોદીનું સંબોધન

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહાત્મા મંદિરમાં ગુજરાતને સ્કીલ હબ બનાવવાના નિર્ધાર સાથે યોજાયેલા સ્કીલ કન્વેન્શનને ખુલ્લું મુકતા નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે, રાજ્યમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના વ્યાપક ફલકને વિકસાવીને રાજ્યના વિકાસ અને ઉદ્યોગોની જરૂરિયાતોની પૂર્તિ કરવા સ્કીલ ડેવલપમેન્ટ મિશન કૌશલ્ય નિર્માણ અને કૌશલ્યવર્ધનને પ્રાથમિકતા અપાશે. આ સંદર્ભમાં ૧૧૯ જેટલા સ્કીલ ડેવલપમેન્ટના સમજૂતિના કરાર આઈટીઆઈ અને ઉદ્યોગો સાથે કર્યા છે. એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ, ઈન્ડેક્ષ્ટ-બી અને ઔદ્યોગિક એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આ ઈન્ડસ્ટ્રી રિસ્પોન્સીવ સ્કીલ કન્વેન્શન યોજવામાં આવ્યું હતું. ઉદ્યોગોની જરૂરિયાતોને અનુરૂપ યુવા કૌશલ્ય રોજગારીની તકોને સુનિશ્ચિત કરીને ગુજરાતને યુવા કૌશલ્ય માટેનું ધબકતું કેન્દ્ર બનાવવા માટે આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૩ની પૂર્વ તૈયારીરૂપે આ કન્વેન્શન ઉદ્યોગ જગતની સહભાગીતાથી સંપન્ન થયું છે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ઉદ્યોગ સંચાલકો અને રાજ્ય સરકારના આઈટીઆઈ વચ્ચે કૌશલ્ય વિકાસ તાલીમના ૨૬ સમજૂતિના કરાર આજના અવસરે સંપન્ન થયા હતા. રાજ્ય સરકારના અભિગમથી કુલ ૧૧૯ જેટલા સમજૂતિના કરાર થયા છે. યુવાનોને જ્ઞાન અને કૌશલ્યમાં સશક્ત બનાવવાની નેમ ૨૧મી સદીમાં અનિવાર્ય છે. તેની ભૂમિકા આપી મોદીએ જણાવ્યું કે દેશની ૫૦ ટકા જનસંખ્યા ૨૫ થી ૩૫ વર્ષની છે અને તેના કૌશલ્ય અને જ્ઞાનનું સશક્તિકરણ કરવાથી ભારતની યુવાશક્તિ વિશ્વની ઉત્તમ આર્થિક ચાલકશક્તિ બની શકે એમ છે, ગુજરાતે આ દિશામાં હાર્ડ સ્કીલ અને સોફ્ટ સ્કીલના બંને ક્ષેત્રોમાં પહેલ કરી છે.

## સે-૬માં સ્વામીનારાયણ મંદિરમાં ચાર્તુમાશ પારાયણ પૂર્ણાહૂતિ

ગાંધીનગર, તા. ૨૦

સેકટર-૬માં શ્રી સ્વામીનારાયણ મંદિર ગાંધીનગરમાં તા. ૨૧મી સપ્ટેમ્બરે પવિત્ર ચાર્તુમાસ નિમિત્તે સાત દિવસની પારાયણનું ફળ આપવા માટે પૂ. સત્યસંકલ્પ દાસજીના દિવ્યદર્શન, દિવ્યવાણી, અને આશીર્વાદ મેળવવા માટે જણાવવામાં આવે છે. રાત્રે ૭ થી નવ દરમિયાન કાર્યક્રમ યોજેલ છે. તેમની સાધુ નિર્ગુણ જીવનદાસ, સાધુ નિસ્નેહ પ્રિયદત્ત તથા સાધુ પ્રેમનિધિદાસ જણાવેલ છે.

## 'ક' રોડ પર દ્વારકેશના દુંદાળાની સ્થાપના

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં ગણેશ ઉત્સવ ઉત્સાહભેર ઉજવાય છે. ભક્તિભાવ ભર્યા ઉલ્લાસથી ઉજવાતા આ ઉત્સવમાં ગાંધીનગર ક-રોડ પર આવેલા નવનિર્મિત દ્વારકેશ રેસીડેન્સીએ નવી ભાત પાડી છે. અહીં દ્વારકેશ દુંદાળાના નામાભીધાન સાથે ગમેશજીની સ્થાપના ખુબજ ધામ-ધૂમથી કરવામાં આવી હતી. રહેવાસીઓએ પોતાના સમય, ધન અને શ્રમને દાદાને ચરણે ધરી કરેલું સુંદર અને સાદગી પૂર્ણ આયોજન દાદ માગી લે તેવું છે. ભક્તિભાવની સાથે સાથે રહીશોમાં પરસ્પર ઐક્ય અને પરિવારભાવના વધે, રહીશો સામાજીક ફરજો પ્રત્યે સભાન બને તેવા હેતુ સાથે દુંદાળાના સાન્નીધ્યમાં પૂજા-અર્ચના ઉપરાંત બાળકો માટે ચિત્રસ્પર્ધા, માર્ગ સલામતીની જાણકારી માટે આર.ટી.ઓ. અમદાવાદના સહયોગમાં કાર્યક્રમ, રાસ-ગરબા વિગેરે પ્રવૃત્તિઓનું વૈવિધ્યસભર આયોજન કરવામાં આવ્યું છે. વસાહતીઓએ ગુટખા મુક્ત રહેવાના સોગંદ ગણેશજીની સાક્ષીએ લીધા છે. સવારે અને સાંજે આરતી સાથે દીકરીઓને ભણાવવાની, સામાજીક કુરીવાજોથી દૂર રહેવાની, પર્યાવરણનું જતન કરવાની પ્રતિજ્ઞા દુંદાળાની સમક્ષ લેવામાં આવે છે. ઈકોફ્રેન્ડલી પદ્ધતિથી ગણેશને વિદાય આપવાના નિર્ધાર સાથેનો દ્વારકેશના દુંદાળાનો ઉત્સવ અન્ય તમામ સોસાયટીઓ માટે પ્રેરણા પુરી પાડે છે. મનોકામના પૂર્ણ કરતાં દ્વારકેશના દુંદાળાના દર્શન માટે પધાવા દ્વારકેશના રહીશો સર્વેને ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

## કલોલ પાસે રામનગર નર્મદા કેનાલમાં ઝંપલાવી આધેડનો આપઘાત

કલોલ, તા. ૨૦

કલોલના ભીમાસણા ગામમાં રહેતા ૪૭ વર્ષીય આધેડ જવાનજી કાનાજી ઠાકોરે આજે સાંજ પહેલા કોઈ પણ સમયે કલોલ તાલુકાની રામનગર વિસ્તારથી પસાર થતી નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

સાંજે આધેડનો તરતો મૃતદેહ દેખાઈ આવતા કલોલ તાલુકા પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. હે.કો. રામાજીએ મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

## અવસાન નોંધ

સ્વર્ગસ્ત રશ્મિબેન કમલેશકુમાર મહેતાનું બેસણું ૨૧ સપ્ટેમ્બરના રોજ ૯ થી ૧૨ કલાકે બ્લોક નં. ૨૨/૫, છ-ટાઈપ, સે. ૧૬ ખાતે રાખેલ છે.

# ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીને ૨૦૧૨નો અર્થ કેર એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૦

JSW અને ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા દ્વારા સંયુક્તપણે ૨૦૦૮ના વર્ષથી હવામાન સંરક્ષણ ક્ષેત્રે નવીન કદમ ભરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને અર્થકેર એવોર્ડથી નવાજવામાં આવે છે. ૨૦૧૨ના વર્ષનો એવોર્ડ ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરને મળેલ છે. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ નવી દિલ્હી ખાતે એજન્સીના નિયામક શ્રી ડી.પી. જોશીને આ એવોર્ડ એનાયત થયો. આ એવોર્ડ "ઈનોવેશન ઈન કલાઈમેટ પ્રોટેક્શન" કેટેગરીમાં પ્રાપ્ત થયો છે.

અર્થકેર એવોર્ડ અંતર્ગત જેડાને એક પ્રશસ્તિપત્ર, શીલ્ડ તથા રૂા. ૩,૦૦,૦૦૦/- રોક્ડ પુરસ્કાર રૂપે મળેલ છે.

આ એવોર્ડ ગુજરાત રાજ્યમાં સૉલાર પાવર પૉલિસીના વિકાસમાં અભિપ્રેરક ભૂમિકા ભજવવા તેમજ સૉલર ટેકનોલોજીને ટેકનોલોજી અને વાણિજ્યિક દ્રષ્ટિએ ટકી શકે તેવી બનાવવા માટે એજન્સીએ હાથ ધરેલ પગલાં માટે આપવામાં આવેલ છે. સૉલર પોલિસીના પગલે રાજ્યમાં સૌર ઉર્જાના ઉત્પાદનમાં ઘણો મોટો વધારો થયો છે.

એજન્સીની વિવિધ પ્રવૃત્તિઓના પગલે આજે ગુજરાત રાજ્ય વિશ્વનું સૌર પાટનગર બની રહ્યું છે ત્યારે આ એવોર્ડ માટે તેની પસંદગી ખરે જ યોગ્યત્તમ છે. સૉલર પાવર પોલિસી જાહેર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. હાલમાં ૬૯૦ મે.વો. ક્ષમતાના સૌર વિદ્યુત મથકો કાર્યરત છે. એશિયાભરમાં સૌથી મોટો ૫૦૦ મે.વો. ક્ષમતાનો સૉલર પાવર પાર્ક પાટણ જિલ્લાના ચારણકા ખાતે આવેલો છે. વાઈબ્રન્ટ ગુજરાત, ૨૦૧૧ દરમિયાન ૯૭૧.૫૦ મે.વો. ક્ષમતાના સૉલર પાવર પ્લાન્ટ સ્થાપવા માટે ૮૩ મુડી રોકાણકારો સાથે વીજ ખરીદી કરાર થયા છે.

આપણા રાજયની સંભવિત સૌર વિદ્યુત ઉત્પાદન ક્ષમતા ૧૦,૦૦૦ મે.વો. છે. દેશના કુલ વીજ ઉત્પાદનમાંપુનઃપ્રાપ્ય ઉર્જાથકી વીજ ઉત્પાદન ૨૨.૮૯ ટકા છે. એમાં ૧૦.૧૨ ટકા સૌર ઉર્જા થકી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૬૫૯૦૯૩ લાખ યુનિટ વીજળી સૌર ઉર્જાથકી ઉત્પન્ન થઈ છે, જેના કારણે ૧૦૮૮૦ લાખ ટન અંગારવાયુ વાતાવરણમાં ભળતો અટક્યો છે.

## ભટેડા ગામના ઝેરી દવા પી ગયેલ યુવાનનું મોત

ભિલોડા, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ભટેડા ગામે રહેતા ૨૦ વર્ષીય પ્રકાશભાઈ જીવાભાઈ અસારી કોઈ અગમ્ય કારણોસર ૧૮મી સપ્ટેમ્બરને મંગળવારની સાંજે ઝેરી દવા પી ગયેલ જેને તાત્કાલિક સારવાર માટે ભિલોડા ખાતેની કોટેજ હોસ્પિટલમાં ખસેડાયેલ જયાંથી પ્રાથમિક સાવાર લઈ વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કર્યો હતો. જે યુવાનનું ૨૦ સપ્ટેમ્બરને ગુરુવારની રાત્રિના ૧૨ વાગે હિંમતનગર સિવિલ હોસ્પિટલ સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ અંગે સિવિલના ડોકટર એ.એમ. વેકર્યાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## નવરાત્રી મહોત્સવ સમિતિ સેક્ટર-૮ના હોદ્દેદારોની વરણી

ગાંધીનગરના સેક્ટર-૮માં નવરાત્રી મહોત્સવની ઉજવણીના આયોજન તથા હોદ્દેદારોની નિમણૂંક માટે એકતા ચોક ખાતે વસાહતીઓની બેઠક મળી હતી. જેમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે એફ.કે. પરમાર, ઉપપ્રમુખ તરીકે પ્રણવ ઠાકર, વિનય ગઢવી, મહામંત્રી તરીકે કે.જી. પરમાર, ખજાનચી તરીકે એ.જે. વણકર, સહમંત્રી તરીકે ભગવાનદાસ પટેલ, કનુભાઈ પ્રજાપતિ, સંગઠન મંત્રી તરીકે બી.બી. રોહિત, ડી.એસ. મકવાણા, સંજય રાવલ અને કારોબારી સમિતિમાં નાનુભાઈ મહેતા, તુલસીભાઈ મકવાણા, જયંતિલાલ ચૌહાણ, બાબુદાન ગઢવી, દશરથભાઈ દરજી, મુકેશ ચૌહાણ, સિરાજ મનસુરી, ભીખુભાઈ શ્રીમાળી, સલિમ મનસુરી અને જશપાલસિંહ ડાભીની વરણી કરવામાં આવી હતી.

## બાયડના કાળાજીના મુવાડા ગામે પાણીમાં ડૂબતા એક બાળકનું મોત

બાયડ, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના કાળાજીના મુવાડા ગામ નજીકથી પસાર થઈ સુજલામ સુફલામ કેનાલનું કામ કાજ ચાલી રહેલ છે જયાં વરસાદી પાણી ૧૦ થી ૧૫ ફૂટ ભરાયેલ હતું. જયાં ગુરુવારના રોજ બપોરે ૧ થી ૧.૩૦ વાગેના સુમારે કાળાજીના મુવાડા ગામના ચાર બાળકો ભરાયેલ પાણીમાં નાહવા પડયા હતા. જેમાંથી એક બાળકે અંદાજે ૧૨ વર્ષીય જયેશભાઈ કે. ઝાલા પાણીમાં ડૂબી ગયો હતો. અને ત્રણ જણા બહાર નીકળી ગયા હતા. જે અંગે ત્રણે બાળકોએ ગામમાં જઈ આ અંગે જાણ કરતા ગ્રામજનો સ્થળ પર દોડી ગયા હતા અને ૧૦૮ને જાણ કરતા કપડવંજની ૧૦૮ વાન સ્થળ પર આવી હતી અને તેણે આપેલ બચાવ સામગ્રીનું દોરડાથી ગામના બે તરવૈયાએ પાણીમાં પડીને જયેશની લાશ બહાર કાઢી હતી અને ત્યારબાદ બાયડ પોલીસને જાણ કરાતા પોલીસે સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સોલંકીની અરજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

દીધી છે જેમાં રાજયપાલના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. હાઈકોર્ટમાં જસ્ટીસ આર.એચ. શુકલ સમક્ષ આ સુનાવણી નિકળી હતી. બન્ને પક્ષની દલીલ બાદ અનામત રહેલા ચૂકાદામાં સોલંકીની અરજી કાઢી નાંખવામાં આવી હતી અને રાજ્યપાલના નિર્ણયને વાજબી ઠેરવ્યો હતો.

હાઈકોર્ટના આદેશ સાથે સંભવતઃ હવે સોલંકી સામે ગાંધીનગરની કોર્ટમાં ફરિયાદી ઈશાક મરડિયા દ્વારા જે ફરિયાદ દાખલ કરાઈ છે તેમાં આગળ પગલા લેવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. જો કે સોલંકી હજુ પણ આગોતરા જામીન માગી શકે છે અને હાઈકોર્ટના ચૂકાદાને આગળ પડકારી શકે તેવા કાનૂની વિકલ્પો ખુલ્લા છે. આમ છતાં હાઈકોર્ટના તબક્કાવાર આદેશના પગલે સોલંકી ફરતે કાનૂની ગાળિયો વધુ મજબૂત રીતે ભિડાઈ રહ્યો હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

સોલંકીની સામે કૌભાંડ મામલે કાયદેસરની કાર્યવાહીની માંગણી કરવામાં આવી હતી. જેની મંજુરી રાજ્યપાલ દ્વારા આપવામાં આવતાં ફરિયાદી ઈશાક મરડિયાએ ગાંધીનગર કોર્ટ સમક્ષ ફરિયાદ કરી સીઆરપીસીની કલમ ૨૦૨ હેઠળ સમગ્ર કૌભઆંડની તપાસ સ્વતંત્ર એજન્સી અથવા ઉચ્ચ પોલીસ દ્વારા કરવામાં આવે.

## ખાસ બસ વ્યવસ્થા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોવા મળે છે. અનોખી શ્રદ્ધા-ભક્તિ સાથે રૂટ પર પગપાળા જતા ભાવિકોને જરૂરી પર્યાપ્ત વ્યવસ્થા પુરી પાડવા સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પ શરૂ કરી દેવાયા છે. ભાદરવી પૂનમે અંબાજીમાં લાખોની જનમેદની એકત્રિત થતી હોવાથી ભાવિકોની શ્રદ્ધા ભક્તિને ધ્યાને લઈ જરૂરી વાહનવ્યવહાર સેવા ઉપલબ્ધ કરવા એસ.ટી. તંત્ર દ્વારા પણ તા. ૨૪ સપ્ટેમ્બરથી ૧ ઓકટોબર દરમિયાન રૂટ પર એસ.ટી. બસની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં અમદાવાદ ડિવીઝનલ કચેરી દ્વારા આઠ દિવસ માટે વધતા-ઓછા પ્રમાણમાં બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન કુલ ૪૫ બસો રૂટ પર ગોઠવાશે જેમાંથી ગાંધીનગર ડેપો કક્ષાએથી પણ ૧૭૧ બસ રૂટ પર ગોઠવી ભાવિકોને જરૂરી બસ વ્યવસ્થા પુરી પાડવાનું આયોજન આખરી કરી દેવાયું છે. અંબાજી ખાતે પોઈન્ટ કન્ટ્રોલ પણ ખુલ્લો મુકવામાં આવ્યો છે.


## ત્રણ ડૂબી ગયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામાપાંચમના દિને નદીમાં સ્નાન કરવાની પ્રથા મુજબ સાદરા ગામમાં રહેતો ૧૫ વર્ષિય કિશોર કીરીટ નટુભાઈ દંતાણી તેના મિત્ર અક્ષય સાથે સાદરા પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ન્હાવા પડ્યો હતો. બન્નેના પગ અચાનક લપસી જતાં નદીમાં ગરકાવ થઈ ગયા હતા. જો કે અક્ષય બહાર આવવામાં સફળ થઈ ગયો હતો અને ડુબી રહેલા કીરીટને બચાવવા તેણે પણ ઘણા પ્રયત્નો કર્યા હતા. જો કે તેની ઘણી મહેનત બાદ પણ બચાવી શકાયો ન હતો. નેશનલ ડિઝાસ્ટર રેકસ્યુ ફોર્સ પણ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મોડી સાંજે તેનો મૃતદેહ મળી આવતા બહાર નિકાળી ચિલોડા પોલીસે ધોરણસરની કાર્યવાહી આરંભી છે. તો બીજી તરફ દોલારાણા વાસણા ગામ અને પિંપળજ આરો વિસ્તારની વચ્ચેથી પસાર થતી સાબરમતીમાં આ જ પ્રમાણે ન્હાવા પડેલા બે યુવાન મિત્રો પણ નદીમાં ગરકાવ થઈ ગયાની ઘટના બનવા પામી છે. જિલ્લાના ચેખલારાણી ગામનો ૨૧ વર્ષિય તેજેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ ઝાલા તથા દોલારાણા વાસણા ગામનો ૨૧ વર્ષિય હરદીપસિંહ લાલસિંહ રાઠોડ બન્ને નદીમાં પગ લપસી જવાથી અંદર ખાબકી ગયા હતા. ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. નદીમાંથી ડુબી ગયેલા બન્ને યુવાનો પૈકી તેજેન્દ્રસિંહનો મૃતદેહ મળી આવ્યો હતો જ્યારે હરદીપનો મૃતદેહ એકવાર તરતો મળી આવ્યો પરંતુ છટકી જતાં ફરીવાર શોધખોળ શરૂ કરવામાં આવી છે. સાબરમતી નદી એ છેલ્લા એક સપ્તાહમાં છ વ્યક્તિઓના ભોગ લઈ લીધા છે.

## વાત્રક નદીમાં એક જ કુટુંબના પાંચ સભ્યો ડુબી ગયા

અમદાવાદના નરોડા વિસ્તારનું ઠાકોર સમાજનું એક કુટુંબ ગાંધીનગરના પડોશી જિલ્લા ખેડાના ઉત્કંઠેશ્વર મહાદેવ પાસેથી પસાર થતી વાત્રક નદીમાં દોઢ દિવસે ગણપતીની મુર્તિનું વિસર્જન કરવા તથા સામા પાંચમ નિમિત્તે ન્હાવા આવ્યા હતા. જે પૈકી એક જ કુટુંબના પાંચ વ્યક્તિઓ નદીમાં ડુબી જવાથી ભારે ગમગીની ફેલાઈ જવા પામી હતી. નરોડામાં રહેતા ૧૯ વર્ષિય સાગર ઠાકોર, ૧૪ વર્ષીય પુજા ઠાકોર, ૧૦ વર્ષિય રાહુલ ઠાકોર, ૧૦ વર્ષિય સેજલ ઠાકોર અને ૧૭ વર્ષિય વિજય ઠાકોર નદીમાં ડુબી જવા પામ્યા છે. જેમાં પુજા, રાહુલ અને વિજયના મૃતદેહ મળી આવ્યા છે પરંતુ સાગર અને સેજલની શોધખોળ હજુ ચાલી રહી છે.

## શબ્દાવલી - ૪૮૪૮



**આડી ચાવી**

૧. પાણીથી ભીંજાઈ તરબોળ હોય તેવું (૬)
૬. વાતો (૩)
૭. રસ્સી માર્ગ (૩)
૧૦. આવરા, ટપોરી (૩)
૧૨. રસ્તો, કેડી (૩)
૧૩. ... કુલ રીતી સદા ચલી આઈ (૨)
૧૪. ઘર, બંગલો (૩)
૧૫. માખણ, મઠો (૩)
૧૭. ભય (૨)
૧૮. એક સુંવાળો પથ્થર (૩)
૨૦. અથડાવાનો અવાજ... (૨)
૨૧. ... માં રાખવું, જામીન (૨)
૨૨. નડતર, પીડા (૩)
૨૩. ૧૩ થી ૧૭ વર્ષની વયનું (૪)

**ઊભી ચાવી**

૧. બકવાસ (૩)
૨. ચરણ, ... વિના ચલાય? (૨)
૩. ઝાપટ, લાફો (૩)
૪. પુરાણ, જમીનનું અંદરનું (૩)
૫. ગૌરવ (૨)
૮. આહ્‌વાન (૪)
૯. માલ ભરવાનું ભારખાનું (૩)
૧૧. શુરાતન, પાણી (ચડાવવું) (૩)
૧૪. મડદા જેવું (૪)
૧૫. લાલ પીળી માટી (૪)
૧૬. પ્રવાહી (૨)
૧૮. ઊભી નહીં તેવી (૨)
૧૯. વાંદરો (૩)
૨૦. પૃથ્વી, ધરતી (૨)
૨૧. ચકોર નજરવાળું પક્ષી (૨)

### શબ્દાવલી ૪૮૪૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચતુરાઈ (૪) નરા (૬) ગદર્ભ (૮) ગજ (૯) રાફડો (૧૧) દરમાયો (૧૩) કરા (૧૪) કુસંગ (૧૫) કડક (૧૬) વુલી (૧૯) રબ (૨૧) લખ (૨૩) નજર (૨૬) ડાચુ (૨૮) તારીફ (૨૯) સથવારો

**ઊભી ચાવી :-** (૧) ચબરાક (૨) રાગડો (૩) ઈદ (૪) નગમા (૫) રાજયોગ (૭) ભર્દસં (૧૦) ફરાક (૧૨) રગવુ (૧૪) કુકર (૧૭) લીલ (૧૮) જનતા (૨૦) બડાસ (૨૨) બફારો (૨૪) જરી (૨૫) રફ (૨૭) ચુથ


## જાહેરાત

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન બિરશામુંડા ભવન, સેકટર-૧૦એ, ભોંયતળિયે આવેલ કચેરીની સફાઈ સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી સફાઈ કામગીરી અંગેના ટેન્ડરો મંગાવવામાં આવે છે. સદરહુ ટેન્ડરો કચેરીની જગ્યા જોઈ, આ કચેરીમાંથી તા. ૨૭-૯-૨૦૧૨ સુધી મેળવી તા. ૨૮-૯-૨૦૧૨નાં રોજ સીલબંધ કવરમાં કચેરીની ઓફીસમાં મોકલી આપવાનાં રહેશે.

કાર્યપાલક
ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન
માહિતી/૧૪૪૩/૧૨-૧૩    ગાંધીનગર

## ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ્ સુફલામ્ વિભાગ, ઘ-ટાઈપ, બ્લોક નં. ૬૭૬/૪, સેકટર-૭/૮ના બસ સ્ટેન્ડ સામે, સેકટર નં. ૮, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨-૪૧૧૬૮, ફેક્સ નં. ૦૭૯-૨૩૨-૪૫૨૨૦

| | | |
|---|---|---|
| ૧. | કામનું નામ | નર્મદા મુખ્ય નહેર સાંકળ ૨૧૮.૦૦ પરથી સુજલામ્ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ માધવગઢ સુધીના પાઈપ લાઈન યોજનાઓમાં સાંકળ-૧૬૫૦૦ મીટર સ્કાવર વાલ્વ અને ચેમ્બર બનાવવા બાબત મોજે : સાંપા, તા. દહેગામ, જી. ગાંધીનગરની કામગીરી |
| ૨. | અંદાજીત રકમ | ૧.૪૪ લાખ |
| ૩. | ટેન્ડર | બી-૧ |
| ૪. | શ્રેણી | ઈ-૨ અને ઉપર |
| ૫. | કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ | ૨૮/૯/૨૦૧૨ ૧૭.૦૦ કલાક સુધી |
| ૬. | ટેન્ડર ભરી પરત કરવાની તારીખ | ૬/૧૦/૨૦૧૨ ૧૭.૦૦ કલાક સુધી |
| ૭ | ટેન્ડર ખોલવાની તારીખ | ૮/૧૦/૨૦૧૨ના રોજ ૧૨.૦૦ કલાકે |

માહિતી/૧૪૩૯/૧૨-૧૨

## ટેન્ડર નિવિદા

### દહેગામ નગરપાલિકા, જી. ગાંધીનગર

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, દહેગામ નગરપાલિકા વિસ્તારમાં નીચે જણાવેલ કામો સારૂ તા. ૩/૧૦/૨૦૧૨ સુધીમાં રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | અંદાજીત રકમ |
|---|---|---|---|
| | **મનોરંજન કર/કેબલ ટીવીની ગ્રાન્ટ વર્ષ૨૦૧૧-૧૨** | | |
| ૧. | બોર નં.૩ સામે દાઉદભાઈના ખાંચા પાસે સી.સી. રોડ બનાવવાનું કામ. | ૫૫૦ | ૧૫૦૮૪૩.૭૫ |
| ૨. | નાંદોલ રોડ ઉપર શીવમ હોલ પાસે મુકેશભાઈના ખાંચામાં સી.સી. રોડ બનાવવાનું કામ. | ૫૫૦ | ૧૨૦૭૯૨.૭૨ |
| ૩. | અમદાવાદ-મોડાસા રોડથી લક્ષ્મીનારાયણ સોસાયટી તરફ સી.સી. રોડ બનાવવાનું કામ. | ૫૫૦ | ૩૦૮૩૯૮.૨૫ |
| ૪. | બ્લોક હેલ્થ સેન્ટર પાસે સી.સી. રોડ બનાવવાનું કામ. | ૫૫૦ | ૧૫૦૨૧૬.૯૨ |
| ૫. | ક્રિષ્નાપાર્ક સોસાયટીમાં ઓમકારભાઈના ઘર પાસેથી રાજેશભાઈના ઘર તરફ સી.સી. રોડ બનાવવાનું કામ. | ૫૫૦ | ૧૮૭૦૮૮.૧૧ |
| ૬. | બારોટવાડામાં ઘંટીવાળા ખાંચામાં પથ્થર રોડ રીફીટીંગ કરવાનું કામ. | ૨૭૫ | ૩૯૭૭૬.૯૩ |
| ૭. | ધર્મશાળામાં નવિન ગેટ બનાવવાનું કામ. | ૨૭૫ | ૪૨૯૬૦.૨૨ |
| ૮. | ઉગમણા દરવાજા બહાર ગંદા પાણીના નિકાલ સારૂ પાઈપ લાઈન નાંખવાનું કામ. | ૫૫૦ | ૧૦૫૪૫૨.૮૯ |
| | **મનોરંજન કર/કેબલ ટીવી ગ્રાન્ટ વર્ષ ૨૦૧૦-૧૧ બીજો પ્રયત્ન** | | |
| ૯. | જનસેવા કેન્દ્ર પાસેથી લુહાર ચકલા તરફ સી.સી. રોડ બનાવવાનું કામ. | ૮૨૫ | ૫૪૭૦૬૬.૯૦ |
| ૧૦. | ગંજીવાસમાં પથ્થર રોડ રીફીટીંગ કરવાનું કામ. | ૫૫૦ | ૨૯૮૪૪૧.૬૯ |
| ૧૧. | પાલૈયાવાસમાં પથ્થર રોડ રીફીટીંગ કરવાનું કામ. | ૫૫૦ | ૧૩૪૫૭૦.૦૭ |
| ૧૨ | જોરાવરનગર રોડ ઉપર નિસારભાઈના વરંડા પાસે સી.સી. રોડ બનાવવાનું કામ. | ૫૫૦ | ૧૧૩૮૩૧.૫૫ |
| | **વ્યવસાય વેરાની ગ્રાન્ટ વર્ષ ૨૦૧૦-૧૧ (બીજો પ્રયત્ન)** | | |
| ૧૩. | લબ્ધી સોસાયટીમાં બીપીનભાઈના ઘરથી રાજેશભાઈના ઘર તરફ સી.સી.રોડ બનાવવાનું કામ. | ૫૫૦ | ૧૩૨૦૯૫.૮૮ |
| ૧૪. | જૈનવાડી પાછળ ગંદા પાણીની આર.સી.સી. પાઈપ લાઈન નાંખવાનું કામ. | ૨૭૫ | ૫૮૮૨૮.૬૬ |
| | **૧૩માં નાણાંપંચની ગ્રાન્ટ વર્ષ ૨૦૧૧-૧૨ (ત્રીજો પ્રયત્ન)** | | |
| ૧૫. | આથમણા દરવાજાથી રબારીવાસ થઈ રાવળવાસ તરફ પથ્થર રોડ રીફીટીંગ કરવાનું કામ. | ૫૫૦ | ૫૮૮૨૮.૬૬ |
| ૧૬. | નગરપાલિકાની મિલ્કતોને કલર કરવાના વાર્ષિક ભાવો મંગાવવાનું કામ. | ૨૭૫ | --- |

ઉપરોક્ત કામ નં. ૧ થી ૧૬ના કોરા ટેન્ડર ફોર્મ તા. ૨૭/૯/૨૦૧૨ સુધીમાં ઓફિસ સમય દરમિયાન અરજી સાથે જરૂરી રજીસ્ટ્રેશનની નકલ, પાન કાર્ડની નકલ, અનુભવ સર્ટીફિકેટ, ઈન્કમટેક્ષ કલીયરન્સ સર્ટીફિકેટ, બેન્ક સોલવંશી તથા ટેન્ડર ફી જમા કરાવેથી ટેન્ડર કોપી આપવામાં આવશે. કામ દીઠ અલગ કવરમાં ટેન્ડર કોપી બીડવાની રહેશે. અર્નેસ્ટમની ડીપોઝીટ રાષ્ટ્રીયકૃત બેન્કની એફ.ડી.આર. ટેન્ડર સાથે બીડવાની રહેશે. કવર ઉપર જે તે કામની વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. કોઈપણ કારણ આપ્યા સિવાય ટેન્ડર મંજુર કે નામંજુર કરવાને અધિકાર નગરપાલિકા દહેગામ અબાધિત રાખે છે.

તા. ૨૦/૯/૨૦૧૨
એચ. કે. પટેલ, ઈન્ચાર્જ ચીફ ઓફીસર
પ્રફુલભાઈ વી. શાહ, ચેરમેન, કારોબારી સમિતિ
સલીમભાઈ એમ. મલેક, ઉપપ્રમુખ
મમતાબેન આર. અમીન, પ્રમુખ
માહિતી/૧૪૪૧/૧૨-૧૨